Address:Jangleshwar Main Road, Rajkot.
391. Banuben Harunbhai Dela
Address:Jangleshwar Main Road, Rajkot.
392. Iqubalbhai Alibhai Ambaliya
Address:Jangleshwar Main Road, Rajkot.
393. Aarifbhai
Address:Jangleshwar Main Road, Rajkot.
394. Husainbhai Mahmadbhai Kureshi
Address:Jangleshwar Main Road, Rajkot.
395. Mumtazben Dal
Address:Jangleshwar Main Road, Rajkot.
396. Solanki Sirajhusain Mahmad
Address:Jangleshwar, Rajkot.
397. Hanifbhai Jumabhai Amreliya
Address:Jangleshwar, Street No. 4, Rajkot.
398. Jarinaben Amadbhai Dela
Address:Jangleshwar, Street No. 14, Rajkot.
399. Umarbhai Jamalbhai Solanki
Address:Jangleshwar, Street No. 5, Rajkot.
400. Soyal Chauhan
Address:Jangleshwar, Street No. 5, Rajkot.
401. Iliyasbhai Dela
Address:Jangleshwar, Street No. 14,Rajkot.
402. Asraf Vali Mahmad Juneja

Address:Jangleshwar, Street No. 13, Rajkot.

403. Aiyasaben Kaji
Address:Jangleshwar, Street No. 13, Rajkot.

404. Kanjibhai Muljibhai Makwana
Address:Jangleshwar, Street No. 4, Rajkot.

405. Mukeshbhai Mundhva
Address:Jangleshwar, Street No. 7, Rajkot.

406. Mariyamben Ansari
Address:Jangleshwar, Street No. 6, Rajkot.

407. Ismailbhai Parsara
Address:Jangleshwar, Street No. 10, Rajkot.

408. Mehbubbhai Hakubhai Mira
Address:Jangleshwar, Street No. 5, Rajkot.

409. Hasambhai Nai
Address:Jangleshwar, Street No. 2, Rajkot.

410. Faridben
Address:Jangleshwar, Street No. 2, Rajkot.

411. Gafarbhai Sajibhai Chudasama
Address:Jangleshwar, Street No. 2, Rajkot.

412. Kasambhai Isakbhai Dheba
Address:Jangleshwar, Street No. 19, Rajkot.

413. Rajakbhai Babubhai Minivadiya
Address:Jangleshwar, Street No. 14, Rajkot.

414. Ibrahimbhai Husainbhai Juneja
Address:Jangleshwar, Street No. 19 corner, Rajkot.

415. Harunbhai Mamadbhai Dal
Address:Jangleshwar, Street No. 13, Rajkot.

416. Mehbub Alarakhabhai Parmar
Address:Jangleshwar, Street No. 2, Rajkot.

417. Gafarbhai Sumarbhai Dal
Address:Jangleshwa Main Road, Rajkot.

418. Abidbhai Gafarbhai
Address:Jangleshwar, Street No. 4, Rajkot.

419. Haluben Dela
Address:Jangleshwar Main Road, Rajkot.

420. Abbasbhai Juneja
Address:Jangleshwar Main Road, Rajkot.

421. Alifbhai Sama
Address:Jangleshwar, Rajkot.

422. Salimbhai Juneja
Address:Jangleshwar, Rajkot.

423. Nasimben Junej,
Address:Jangleshwar, Street No. 7, Rajkot.

424. M. A. Sakariyani
Address:Jangleshwar Main Road, Rajkot.

425. Ismailkhan Rehmakhan Pathan
Address:Jangleshwar Main Road, Rajkot.

426. Aminaben
Address:Jangleshwar, Rajkot.

427. Husainbhai
Address:Jangleshwar, Rajkot.

428. Satarbhai Dhada
Address:Jangleshwar, Rajkot.

429. Hajuben Jusabbhai Ambaliya
Address:Jangleshwar, Rajkot.

430. Isakbhai Aliyasbhai Dheba
Address:Jangleshwar, Rajkot.

431. J. S. Kadri
Address:Jangleshwar, Rajkot.

432. Ramjibhai M. Sindhav
Address:Jangleshwar, Rajkot.

433. Sikandar Abdulbhai Dakora
Address: Jangleshwar, Street No. 26 Rajkot.

434. Hairya Iqbal Halil
Address: Jangleshwar, Street No. 21 Rajkot.

435. Yusubbhai Modi
Address: Jangleshwar, Street No. 21 Rajkot.

436. Reshma Irfanbhai Mathupatra
Address: Jangleshwar, Street No. 21 Rajkot.

437. Asgar Jusubbhai Khanpara
Address: Jangleshwar, Street No. 21 Rajkot.

438. Aashmabanu A. Rajakmiya Bhukhari
Address: Jangleshwar, Street No. 21 Rajkot.

439. Rajabhai Mamadbhai Dhanani
Address: Jangleshwar, Street No. 21 Rajkot.

440. Kasambhai Valibhai Modi
Address: Jangleshwar, Street No. 21 Rajkot.

441. Kaji Ibrahimbhi Abdulbhai
Address: Jangleshwar, Street No. 21 Rajkot.

442. Sabirbhai M. Husainbhai Sarvaiya
Address: Jangleshwar, Street No. 22 Rajkot.

443. Hasambhai M. Hussainbhai Sarvaiya

	Address: Jangleshwar, Street No. 22	Rajkot.
444.	Abdulbhai Kacharabhai Payak	
	Address: Jangleshwar, Street No. 21	Rajkot.
445.	Hajibhai Sumarbhai Aadmani	
	Address: Jangleshwar, Street No. 21	Rajkot.
446.	Seraniya Mustak Rasulbhai	
	Address: Jangleshwar, Street No. 21	Rajkot.
447.	Mahmadhussain Habilbhai Sarvaiya	
	Address: Jangleshwar, Street No. 21	Rajkot.
448.	Rafik Valimbhai Godhaviya	
	Address: Jangleshwar, Street No. 22	Rajkot.
449.	Hanifbhai Kasambhai Sarvaiya	
	Address: Jangleshwar, Street No. 22	Rajkot.
450.	Salimbhai Kasambhai Chauhan	
	Address: Jangleshwar, Street No. 22	Rajkot.
451.	Mahmadali Hajibhai Rathod	
	Address: Jangleshwar, Street No. 22	Rajkot.
452.	Azam Harumbhai Dakora	
	Address: Jangleshwar, Street No. 22	Rajkot.
453.	Siraj Yunusbhai Sarvaiya	
	Address: Jangleshwar, Street No. 22	Rajkot.
454.	Shaiyad Jakir Jabbarmiya Kadri	
	Address: Jangleshwar, Street No. 22	Rajkot.
455.	Hussainbhai Gafarbhai Herja	
	Address: Jangleshwar, Street No. 22	Rajkot.
456.	Jamil Gafarbhai Herja	
	Address: Jangleshwar, Street No. 22	Rajkot.
457.	HussainHmiya Alimiya Kadri	
	Address: Jangleshwar, Street No. 23	Rajkot.
458.	Abdubkar Habil Kedara	
	Address: Jangleshwar, Street No. 23	Rajkot.
459.	Iqbalbhai Ibrahimbhai Pithadiya	
	Address: Jangleshwar, Street No. 23	Rajkot.
460.	Mohsin Kasimbhai Lingadiya	
	Address: Jangleshwar, Street No. 23	Rajkot.
461.	Yusuf Ajajb Karatela	
	Address: Jangleshwar, Street No. 23	Rajkot.
462.	Parshottambhai Sambhubhai Chaniyara	
	Address: Jangleshwar, Street No. 23	Rajkot.
463.	Jarinaben Kasambhai Godhaviya	
	Address: Jangleshwar, Street No. 23	Rajkot.

464. Hanif Ismailbhai Dakora
Address: Jangleshwar, Street No. 23 Rajkot.

465. Anvar Gafar Solanki
Address: Jangleshwar, Street No. 23 Rajkot.

466. Kasambhai Hussainbhai Piludiya
Address: Jangleshwar, Street No. 23 Rajkot.

467. Nurjahan Jakirbhai Modi
Address: Jangleshwar, Street No. 23 Rajkot.

468. Jarinaben Rafikbhai Herja
Address: Jangleshwar, Street No. 23 Rajkot.

469. Gafar Haji Savan
Address: Jangleshwar, Street No. 22 Rajkot.

470. Jahid Osmanbhai Umretiya
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

471. Vahidbhai Mehbubbhai Sumra
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

472. Jenamben Harunbhai Odiya
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

473. Gafarbhai Osmanbhai Odiya
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

474. Fulsam Altafbhai Modi
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

475. Mehbubbhai Oshmanbhai Amreliya
Address: Jangleshwar, Street No. 24, Rajkot.

476. Farukbhai Gafarbhai Mandhat
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

477. Salimbhai Abdulbhai Dakora
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

478. Kasambhai Sidibhai Limbadiya
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

479. Rafikbhai Gafarbhai Chavda
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

480. Shahrukh Iqbalbhai Odhiya
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

481. Daudbhai Sidibhai Limbadiya
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

482. Rafikbhai Gafarbhai Chavda
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

483. Harunbhai Daudbhai Amreliya
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

484. Yasimben Rafikbhai Vala

Address: Jangleshwar, Street No. 24 Rajkot.

485. Hussainbhai Harunbhai Godhaviya
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

486. Asarfbhai Abdulbhai Dakora
Address: Jangleshwar, Street No. 26 Rajkot.

487. Iqbalbhai Ganibhai Minivadiya
Address: Jangleshwar, Street No. 24, Rajkot.

488. Yunus Mahmad Mansuri
Address: Jangleshwar, Rajkot

489. Dharamshibhai Vershibhai Bhojviya
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

490. Dineshbhai Vallabhbhai Rathod
Address: Jangleshwar Main Road Rajkot.

491. Faridaben Gulmahmedbhai Piparvadiya
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

492. Dhirajbhai Vershibhai Bhojaviya
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

493. Kurji Jeram Janjvadiya
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

494. Ismail Nurmahmedbhai Dhodhiya
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

495. Satar Nurmamd Dhodhiya
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

496. Gafar Nurmamd Dhodhiya
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

497. Hanifbhai Satarbhai Herja
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

498. Sureshbhai Vershibhai Bhojaviya
Address: Jangleshwar, Street No. 25, Rajkot.

499. Sanjaybhai Vershibhai Bhojaviya
Address: Jangleshwar, Street No. 25, Rajkot.

500. Abasbhai Abdulbhai Jargela
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

501. Kulsamben Harun Mandhat
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

502. Rahemanbhai Ajijbhai Dakora
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

503. Laxmanbhai Bhailubhai Gohel
Address: Jangleshwar, Street No. 25, Rajkot.

504. Anvarbhai Abdulbhai Dakora
Address: Jangleshwar, Street No. 26, Rajkot.

505. Farukbhai Abdulbhai Dakora
Address: Jangleshwar, Street No. 26, Rajkot.

506. Ismailbhai Mamadbhai Malani
Address: Jangleshwar Main Road, Rajkot.

507. YaqubbhaiAbdulbhai Dakora
Address: Jangleshwar, Street No. 27 Rajkot.

508. Ramaben Hareshbai Poptani
Address: Jangleshwar, Street No. 25 Rajkot.

509. Bloch Anvarbhai Husainbhai
Address: Jangleshwar Main Road, Rajkot.

510. Noormahmad Sumarbhai Patani
Address: Jangleshwar Main Road, Rajkot.

511. Ikbalbhai Sakurbhai Chauhan
Address: Jangleshwar, Street No. 26 Corner, Rajkot.

512. Abdulkarim Jamalbhai Patel
Address: Jangleshwar, Street No. 26 Rajkot.

513. Asrafbhai Iqubalbhai Minivadiya
Address: Jangleshwar, Street No. 24 Rajkot.

514. Rajiya Iqubalbhai Minivadiya
Address: Jangleshwar, Street No. 26 Rajkot.

515. Aarifbhai Mahmadbhai Sarvaiya
Address: Jangleshwar, Street No. 26, Rajkot.

516. Rafik Yusufbhai Sarvaiya
Address: Jangleshwar, Street No. 26, Rajkot.

517. Ismailbhai Kasambhai Aadmani
Address: Jangleshwar, Street No. 26, Rajkot.

518. Yaqubbhai Abdulbhai Pinjara
Address: Jangleshwar, Street No. 27 Rajkot.

519. Roshanben Altafbhai Piparvadiya
Address: Jangleshwar, Street No. 26, Rajkot.

520. Rahimbhai Qureshi
Address: Jangleshwar, Street No. 27 Rajkot.

521. Kulsumben Dodhiya
Address: Jangleshwar, Street No. 27, Rajkot.

522. Jahid Ishaqbhai Joban
Address: Jangleshwar, Street No. 27 Rajkot.

523. Harunbhai Ishaqbhai Joban
Address: Jangleshwar, Street No. 27 Rajkot.

524. Jamabhai Mahmadbhai Mandaliya
Address: Jangleshwar Main Road, Rajkot.

525. Salimbhai Chandbhai Badshah

Address: Jangleshwar, Street No. 27, Rajkot.

526. Haji Habibbhai Odiya
Address: Jangleshwar, Street No. 27, Rajkot.

527. Jafrani Mehbubhai Abdulbhai
Address: Jangleshwar, Street No. 27, Rajkot.

528. Hanifa Husainbhai Badi
Address: Jangleshwar Main Road, Rajkot.

529. Harunbhai Sumarbhai Dodhiya
Address: Jangleshwar, Street No. 23 Corner, Rajkot.

530. Aminaben Rafikbhai Chavda
Address: Jangleshwar Main Road, Nr. Navrang Vasan, Rajkot.

531. Harunbhai Osmanbhai Odiya
Address: Jangleshwar, Street No. 24, Rajkot.

532. Irfanbhai Adambhai Nakani
Address: Jangleshwar, Street No. 21, Rajkot.

533. Saratbhai Hasambhai Modi
Address: Jangleshwar, Street No. 22, Rajkot.

534. Rahimbhai Mamadbhai Sora
Address: Jungleshwar Street No. 30, Rajkot

535. Aamadbhai Hajibhai Jivrani
Address: Jungleshwar Main Road, 28 corner, Rajkot

536. Hasinaben Asrafbhai Kapadvaji
Address: Jungleshwar, Rajkot

537. Vasimbhai Asrafbhai Kapadvaji
Address: Jungleshwar, Rajkot

538. Asrafbhai Alibhai Kapadvaji
Address: Jungleshwar, Rajkot

539. Firoj
Address: Jungleshwar, Rajkot

540. Ibrahimbhai Rahemtula Alasi
Address: Jungleshwar, Street No. 28, Rajkot

541. Sajidbhai Banbhaniya
Address: Jungleshwar, Rajkot

542. Jusalbhai Gani
Address: Jungleshwar, Street No. 28, Rajkot

543. Karim Ibrahimbhai Godhaviya
Address: Jungleshwar, Rajkot

544. Hussainbhai Jusalbhai Lingadiya
Address: Jungleshwar, Rajkot

545. Suleman Hathibhai Jafrani
Address: Jungleshwar, Rajkot

546. Hasanbhai Sakil
Address: Jungleshwar, Rajkot

547. Habibbhai Kasambhai Sama
Address: Jungleshwar, Rajkot

548. Yasin
Address: Jungleshwar, Rajkot

549. Isuf
Address: Jungleshwar, Rajkot

550. Mehbub Amadbhai
Address: Jungleshwar, Rajkot

551. Rajak
Address: Jungleshwar, Rajkot

552. Aarumben E. Kaji
Address: Jungleshwar, Rajkot

553. Basirbhai Godhaviya
Address: Jungleshwar, Street No. 29, Rajkot

554. Yusuf Mahmadbhai Kherani
Address: Jungleshwar, Rajkot

555. Ruksana
Address: Jungleshwar, Rajkot

556. Iqbalbhai Abdulbhai Modan
Address: Jungleshwar Main Road, Street No. 29, Rajkot

557. Yasim Rafik
Address: Jungleshwar, Rajkot

558. Asama
Address: Jungleshwar, Rajkot

559. Amadbhai Khanabhai
Address: Jungleshwar, Rajkot

560. Asarafbhai
Address: Jungleshwar, Rajkot

561. Janmadbhai Hussainbhai Jesani
Address: Jungleshwar, Street No. 31, Rajkot

562. Kamalbhai Khureshi
Address: Jungleshwar, Street No. 31, Rajkot

563. Amadbhai Kherani
Address: Jungleshwar, Street No. 31, Rajkot

564. Karimbhai Piparvadiya
Address: Jungleshwar, Street No. 31, Rajkot

565. Abdulbhai
Address: Jungleshwar, Rajkot

566. Anil Manad Chavda
Address: Jungleshwar, Rajkot

567. Ibram Isha

Address: Jungleshwar, Rajkot

568. A. K. P.
Address: Jungleshwar, Rajkot

569. D. K. Sama
Address: Jungleshwar, Rajkot

570. Mehbubbhai
Address: Jungleshwar, Rajkot

..... APPLICANTS

V/s.

1. State of Gujarat
Notice To Be Served Through
It's Secretary,
Sachivalaya
Gandhinagar

2. Collector
Rajkot District, Rajkot
Having Address At;Seva Sadan, Shroff Rd.,Rajkot

3. Mamlatdar & Executive Magistrate (East)
Having Address At;Old Collector Office Compound
Rajkot – 360 003

..... RESPONDENT(S)

અરજદાર તરફે વિ.વ.શ્રી આર.બી.ગોગિયા
સામાવાળા તરફે વિદ્વાન સરકારી વકિલશ્રી એસ.એ.કહાર

ઠરાવ (શ્રી પી.એસ.કાલા, સભ્ય તથા શ્રી કે.એન.શાહ, સભ્ય)

૧)... હાલની આ અપીલની ટૂંકમા વિગત એવી છે કે, રાજકોટ જિલ્લાના રાજકોટ શહેર(પૂર્વ) તાલુકા ગૃપ-૪મા આવેલ સરકારી ખરાબાની રેવન્યુ સર્વે નં.૨૫૬ પૈકીમાં ટી.પી.સ્કીમ ૬(રાજકોટ) પ્લોટ નં.૧૫૯મા આ કામના અરજદારો દ્વારા દબાણ કરવામા આવેલ, જે તપાસ કરતા બીનઅધિકૃત બાંધકામ હોવાથી લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ અન્વયે કાર્યવાહી કરવા નકકી થયેલ. જેથી મામલતદાર અને એકઝયુકયુટીવ મેજી., રાજકોટ શહેર(પૂર્વ)નાઓએ કાર્યવાહી કરી તા.૨૩/૦૧/૨૦૨૬ના રોજ જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ મુજબ પગલા લેવા અને દબાણવાળી જગ્યા અરજદારોને હુકમ મળ્યાથી દિન-૭માં ખુલ્લી કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ અરજદારોએ નામ.ગુજરાત હાઇકોર્ટમા સ્પ.સિવિલ એપ્લીકેશન નં.૧૩૧૫/૨૦૨૬ દાખલ કરેલી. જેમા નામ.ગુજરાત હાઇકોર્ટે અરજદારોને અત્રેના મહેસૂલ પંચ સમક્ષ કાર્યવાહી કરવા આદેશ આપી અને નેવુ દિવસમા નિર્ણય લેવા હુકમ કરતા અરજદારોએ આ અપીલ અત્રેના મહેસૂલ પંચ સમક્ષ દાખલ કરેલ છે.

૨)... આ અપીલમા મુખ્યત્વે એવી રજૂઆત કરવામા આવેલ છે કે, અરજદારો ઘણા લાંબા સમયથી વાદગ્રસ્ત જગ્યા ઉપર રહેતા આવેલા છે અને વાદગ્રસ્ત જગ્યા સરકારી તેમજ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની માલિકીની છે. જેથી કલમ-૬૧ની જોગવાઇ લાગુ પડે નહીં. આ ઉપરાંત એવી પણ રજૂઆત કરવામા આવેલ છે કે, ગુજરાત સરકારશ્રીના તા.૧૮/૦૭/૨૦૧૩ના પરિપત્ર અને ૨૦૧૦ના રેગ્યુલેશન મુજબ તેમજ સ્લમ વિસ્તારમા રહેતા રહેણાંક ઘરાવતા વ્યકિતઓને વૈકલ્પીક સગવડ પૂરી પાડયા સિવાય દબાણ દૂર કરવાની કાર્યવાહી કરી શકાય નહીં, તેવી તકરાર લેવામા આવેલ છે.

૩)... સામાવાળા સરકારશ્રી તરફે વિદ્વાન સરકારી વકિલશ્રી એસ.એ.કહારનાઓએ અરજદારોની અપીલ બાબતે પેરાવાઇઝ રીમાકર્સ આપવામા આવેલ છે. જેમાં મુખ્યત્વે એવુ જણાવેલ છે કે, એપેલન્ટસ દ્વારા માલિકી અંગેના કોઇ આધાર-પુરાવા રજૂ કરવામા આવેલ નથી અને વૈકલ્પીક રહેઠાણ માટેની દાદ સરકારશ્રીના પરિપત્ર મુજબ સક્ષમ ઓથોરીટી સમક્ષ અરજદારોએ અરજ કરવાની રહે છે અને હાલના સામાવાળાના સત્તાધિકારમા આવતુ ના હોવાથી તે અંગે કાર્યવાહી થઇ શકે નહીં. રેવન્યુ રેકર્ડ મુજબ વાદગ્રસ્ત જમીન સરકારી માલિકીની છે અને સરકારી માલિકીની જમીન હોય ત્યારે જમીન મહેસૂલ કાયદાની કલમ-૩૭(૨) મુજબ હકક નકકી કરવાનો રહેતો નથી અને તેથી લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ મુજબની કાર્યવાહી કરવામા આવેલ છે. કોઇપણ સરકારી જમીન ઉપર અનઅધિકૃત કબજો હોવાથી તે કબજા આધારે દબાણદારો માલિક બની શકે નહીં. જયારે વાદગ્રસ્ત જમીન રેવન્યુ રેકર્ડ આધારે સરકારી માલિકીની છે ત્યારે તે અંગે વિશેષ તપાસ કરવાની જરૂરીયાત રહેતી નથી. વાદગ્રસ્ત જમીન બાબતે જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ મુજબ કાર્યવાહી કરી હુકમ કરવામા આવેલ છે. જેમા હાલના એપેલન્ટસને વિગતવારે રજૂઆત કરવાની તક પણ આપવામા આવેલ છે. ત્યારબાદ સરકારી જમીન ઉપર દબાણ હોવાનુ માની કલમ-૨૦૨ અન્વયે કબજો ખાલી કરવા નોટીસ આપવામા આવેલ. આમ, કાયદેસરની કાર્યવાહી કરવા માટે કોઇ તૂટી રાખવામા આવેલ હોય તેવુ જણાઇ આવતુ નથી અથવા તો કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય એપેલન્ટસનુ દબાણ દૂર કરવા કાર્યવાહી કરેલ હોય તેવુ પણ જણાઇ આવતુ નથી, જેથી આ અપીલ રદ્ કરવી જોઇએ.

૪)... આ કામે સરકારી વકિલશ્રી એસ.એ.કહાર પોતાની દલીલોમાં એવુ જણાવે છે કે, હાલની અપીલ પ્રાથમિક સુનવણીમા દાખલ થવા પાત્ર નથી, જે કોઇ હુકમો કરવામા આવેલ છે તે વ્યકિતગત અલગ-અલગ નંબરથી કરવામા આવેલ છે. જયારે હાલની અપીલમાં દાદમાં તા.૨૩/૦૧/૨૦૨૬નો હુકમ અને તા.૨૭/૦૧/૨૦૨૬ની નોટીસ રદ્ કરવાની માંગણી કરેલ છે પરંતુ કઇ નોટીસ, કયા નંબરની અને કોને આપવામા આવેલ, તેવી વિગતો જણાવેલ નથી. આમ, જયારે અલગ-અલગ હુકમો કરી નોટીસ આપવામા આવેલ હોય ત્યારે તમામ એપેલન્ટસને સાથે રાખી એક જ અપીલમા આ બધા હુકમો પડકારી શકાય નહીં. જેથી પ્રાથમિક સુનવણીમા રદ્ કરવા જોઇએ. સિવિલ પ્રોસીઝર કોડના ઓર્ડર-૨ રુલ-૨ મુજબ અરજદાર તરફે જે રજૂઆત કરવામા આવેલ છે તે માની શકાય નહીં કારણ કે હાલની અપીલ ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલ એકટની કલમ-૯ મુજબ દાખલ કરેલ છે. જેથી સી.પી.સીના પ્રબંધો લાગુ પાડી શકાય નહીં.

૫)... હાલની આ અપીલ નામ.ગુજરાત હાઇકોર્ટના સ્પે.સિવિલ એપ્લીકેશન નં.૧૩૧૫/૨૦૨૬, તા.૦૨/૦૨/૨૦૨૬ના આમદભાઇ સુલેમાનભાઇ નાઇ અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ સમયમર્યાદામા નિર્ણીત કરવા ઠરાવેલ હોવાથી પ્રાથમિક સુનવણી, મનાઇ અરજીની સુનવણી અને આખરી સુનવણી સાથે રાખવા ઠરાવી તેમજ તે મુજબ પક્ષકારોની સુનવણી કરવા સુચના આપી અને જરૂરી રેકર્ડ મંગાવી સુનવણી હાથ ઘરવામા આવેલ છે.

૬)... એપેલન્ટસ તરફે વિ.વ.શ્રી આર.બી.ગોગિયા પોતાની મૌખિક દલીલોમાં એવુ જણાવે છે કે, ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલ એકટની કલમ-૯ મુજબ હાલની અપીલ સંયુકત રીતે દાખલ થાય કે કેમ? તે અંગે વિચારણા કરવામા આવે તો ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલ સમક્ષની કાર્યવાહીને સી.પી.સી.ની જોગવાઇઓ લાગુ પડે છે, જેથી સી.પી.સી. ઓર્ડર-૨ રુલ-૨ મુજબ જયારે કારણ એકસરખુ હોય અને પ્રતિવાદી પણ એક જ હોય ત્યારે તમામ કારણો એક જ કાર્યવાહીમા પડકારી શકાય. હાલની અપીલમાં એપેલન્ટસ અને રીસ્પોન્ડન્ટ અલગ-અલગ નથી, જેથી પણ સંયુકત કાર્યવાહીમાં કોઇ બાધ નડતો નથી. હાલની આ અપીલ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ મુજબની કાર્યવાહી કરી કલમ-૨૦૨ મુજબની નોટીસ આપવામા આવેલ તેથી ઉદભવ થયેલ છે, જેથી કોઝ ઓફ

એકશન એકસમાન છે, તેથી પણ સંયુકત રીતે પડકારી શકાય. પક્ષકારોના હિત એકબીજાથી વિરુધ્ધના નથી તેથી પણ સંયુકત રીતે કાર્યવાહી હાથ ધરી શકાય તેમ છે. સી.પી.સી. ઓર્ડર-૨ રુલ-૩નો બીજો ભાગ હાલના કેસમાં લાગુ પડે છે. બોમ્બે રેવન્યુ ટ્રીબ્યુનલ રેગ્યુલેશનના નિયમ-૫૫ પણ હાલના કેસમાં લાગુ પડે છે. જેથી જોઇન્ટ કોઝ ઓફ એકશન હોય તો સી.પી.સી.ની જોગવાઇ લાગુ પાડી શકાય. હાલના કેસમાં અપીલ રજૂ થયા બાદ જોઇ તપાસી રજીસ્ટ્રારશ્રી દ્વારા દાખલ કરી દેવામા આવેલ છે ત્યારે હવે પ્રાથમિક સુનવણીમા દાખલ થવા પાત્ર નથી તેવી તકરાર લઇ શકાય નહીં. વાદગ્રસ્ત જગ્યા રાજકોટ શહેર(પૂર્વ)ની નગરરચના યોજના-૬(રાજકોટ)ની માલિકીની એફ.પી.નંબર-૧૩૬ અને રેવન્યુ સર્વે નં.૨૫૬ને લગતી છે. આ વિસ્તારમા હાલના અરજદારો ઘણા વર્ષોથી એટલે કે સને-૨૦૧૦ પહેલાથી કાચા-પાકા ઝુંપડા બાંધી, મકાનો બનાવી વસવાટ કરે છે. સક્ષમ સત્તા દ્વારા વિજળી કનેકશન, ગટર કનેકશન, અને અન્ય આવશ્યક સેવાઓ પૂરી પાડવામા આવે છે તેમજ તેના નિયમિત વેરા પણ ભરવામા આવે છે. આ વાદગ્રસ્ત જગ્યા ગુજરાત સરકારે ઘી રેગ્યુલેશન ફોર ઘી રીહેબીલીટેશન એન્ડ રીડેવલપમેન્ટ ઓફ સ્લમ ૨૦૧૦ મુજબ સ્લમ ડવેલર્શ તરીકે જાહેર કરેલ છે. આમ, જયારે સ્લમ અરીયા તરીકે ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામા આવેલ હોય ત્યારે ગુજરાત સરકારશ્રીના પરિપત્ર મુજબ વૈકલ્પીક વ્યવસ્થા પૂરી પાડયા સિવાય એપેલન્ટસને પોતાના રહેણાંકના મકાનમાંથી દૂર કરી શકાય નહીં. વાદગ્રસ્ત જગ્યાની માલિકી સરકારે જયારે રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનને સોંપેલ હોય ત્યારે જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ની જોગવાઇઓ લાગુ પાડતી નથી. આવા સંજોગોમા પણ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ નીચે કાર્યવાહી કરી કલમ-૨૦૨ હેઠળ જે નોટીસ આપવામા આવેલ છે તે કાયદા મુજબની નથી. ગુજરાત સરકાર દ્વારા તા.૧૮/૧૦/૨૦૧૭ના રોજ ગેઝેટમા જાહેરનામુ પ્રસિધ્ધ કરી રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનના જંગ્લેશ્વર અને બીજા વિસ્તાર સ્લમ એરીયા તરીકે જાહેર કરવામાં આવેલ છે. અરજદારોએ પોતાની વૈકલ્પીક વ્યવસ્થા કરી આપવા માટે માંગણી કરેલ છે તેનો નિર્ણય હજુ સુધી કરવામા આવેલ નથી. આમ, વૈકલ્પીક વ્યવસ્થા આપવામા ના આવે ત્યાં સુધી દબાણ દૂર કરવુ તે ગેરકાયદેસરનુ છે. વાદગ્રસ્ત જગ્યા ઉપર સને-૨૦૧૦ અગાઉથી અરજદારોનો કબજો-ભોગવટો સતત, શાંત અને એકધારો ચાલી આવેલ છે. જેથી આ જગ્યાની માલિકી નકકી કરવી જોઇએ અને માલિકી નકકી કરવા માટે જમીન

મહેસૂલ ધારાની કલમ-૩૭(૨) મુજબની કાર્યવાહી હાથ ધરવી જોઇએ પરંતુ આવી કોઇ કાર્યવાહી હાથ ધર્યા સિવાય કલમ-૬૧ મુજબની કાર્યવાહી કરવામા આવેલ છે, જેથી આ કાર્યવાહી ગેરકાયદેસરની છે. આ ઉપરાંત ટાઇટલ અંગેનો નિર્ણય સિવિલ કોર્ટ કરી શકે અને સિવિલ કોર્ટમા એડવાન્સ પઝેશનનો દાવો અરજદારોએ કરેલ છે જે પેન્ડીંગ છે. આવા સંજોગોમાં પણ જે કાર્યવાહી કરવામા આવેલ છે તે ગેરકાયદેસરની છે. અરજદારો દ્વારા સક્ષમ સત્તાધિકારીને સ્લમ અરીયા અને રીહેબીલીટેશન બાબતે રજૂઆત કરવા છતા અને તેઓના ધ્યાનમા હોવા છતાં તેનુ ઉલ્લંઘન કરીને વાદગ્રસ્ત હુકમો કરેલા છે. નામ.ગુજરાત હાઇકોર્ટે પણ રીહેબીલીટેશન બાબતે ડાયરેકશન આપેલ છે. આવા સંજોગોમાં પણ આ કાર્યવાહી ગેરકાયદેસરની છે. વાદગ્રસ્ત જગ્યા રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનમા વેસ્ટ થઇ ગયેલ હોય જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ મુજબ જે કાર્યવાહી કરવામા આવેલ છે તે ગેરકાયદેસરની છે. અરજદારોનો ત્રીસ વર્ષ ઉપરાંતથી સતત, શાંત અને એકધારો કબજો છે. આવા સંજોગોમા પણ કલમ-૬૧ મુજબ જે કાર્યવાહી કરવામા આવેલ છે તે ગેરકાયદેસરની છે. તમામ એપેલન્ટસ ભારતના નાગરીકો છે અને નોટીસ આપનાર અને કલમ-૬૧ મુજબની કાર્યવાહી કરનાર અધિકારી સમક્ષ વાંધા રજૂ કરવા છતાં તે વાંધા ધ્યાને લીધેલ નથી. આમ, આ તમામ સંજોગ ધ્યાને લેતા વાદગ્રસ્ત હુકમો રદ્ કરવા જોઇએ.

૭)... અરજદારપક્ષે મૌખિક દલીલો ઉપરાંત લેખિત દલીલો પણ આપવામા આવેલ છે તે વંચાણે લીધી. આ ઉપરાંત નામ.હાઇકોર્ટ અને નામ.સુપ્રિમ કોર્ટના જે ચુકાદાઓ રજૂ કરવામા આવેલ છે તેના સિધ્ધાંતો ધ્યાને લીધા.

૮)... અરજદાર તરફે નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરેલ છે જેના સિધ્ધાંતો વંચાણે લીધા.

- 1991(2) GLH Page no.118 Kalidas Punjabhai Vyas Vs. Girdharbhai Parsttam Kristi
- 2024(0) AIJEL-SC 74252 SUPREME COURT OF INDIA, In Re Versus with Directions In The Metter Of Demolition Of Structures Versus
- 2000(0) GLHEL(HC) 200158 Adani Exports Limited Vs. Hindustan Organic Chemicals

૧૧)... સામાવાળા શ્રીસરકાર તરફે પ્રાથમિક વાંધામા એવી દલીલો કરેલ છે કે, જુદા-જુદા હુકમો હોવા છતાં સંયુકત એક જ અપીલ કરેલ છે તેમજ દાદમાં હુકમ નંબરની વિગત નથી પરંતુ એક જ પ્રકારના હુકમો છે અને પ્રતિવાદી દરેકમાં એક સમાન છે જેથી તે કારણોસર અપીલ પ્રાથમિક સુનાવણીમા રદ્ કરવી જોઇએ.

૧૨)... ઉપરોકત મુજબ અરજદારો તરફે અપીલ મેમોમા જણાવવામા આવેલ હકીકતો, મામલતદાર અને એકઝીકયુટીવ મેજી., રાજકોટ શહેર(પૂર્વ) દ્વારા જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ અન્વયેના હુકમો, સામાવાળા સરકારશ્રી તરફે વિ.સરકારી વકિલશ્રીએ રજૂ કરેલ પેરા વાઇઝ રીમાકર્સ, એપેલન્ટસ દ્વારા રજૂ કરવામા આવેલ પુરસીષ, દસ્તાવેજી પુરાવા અને નામ.હાઇકોર્ટ તથા નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ વંચાણે લેવામા આવેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લેતા એ હકીકત નિર્વિવાદ છે કે, રાજકોટ શહેર(પૂર્વ) તાલુકાના ગૃપ-૪મા આવેલ સરકારી ખરાબાની રેવન્યુ સર્વે નં.૨૫૬ પૈકીમાં ટી.પી.સ્કીમ નં.૬(રાજકોટ) ફાઇનલ પ્લોટ નં.૧૫૯ માં હાલના એપેલન્ટસ દ્વારા દબાણ કરવામા આવેલ છે. આ તમામ એપેલન્ટસ દ્વારા વાદગ્રસ્ત જમીનમાં લાંબા સમયથી કબજો-ભોગવટો હોવા બાબતે કોઇ સક્ષમ પુરાવા રજૂ કરવામા આવેલ નથી. માત્ર મૌખિક રજૂઆતો કરવામા આવેલ છે. એપેલન્ટસને જો વાદગ્રસ્ત જગ્યામા વિજળી જોડાણ, નળ જોડાણ, ગટર જોડાણ અને બીજી આવશ્યક સેવાઓ આપવામા આવેલ હોય અને તેના વેરા ભરેલા હોય તો તેવી કોઇ પ્હોંચ રજૂ કરવામા આવેલ નથી. આ ઉપરાંત સરકારી જમીન ઉપર લાંબા સમયનો કબજો-ભોગવટો હોવા માત્રથી આપોઆપ માલિકી પુરવાર થઇ જતી નથી. અરજદારોએ સિવિલ કોર્ટમા દાવો કરેલ છે તે એડવાન્સ પઝેશનની રૂએ પોતાની માલિકી ઠરાવવાનો દાવો કરેલ છે. સિવિલ કોર્ટની હકૂમત અને રેવન્યુ કોર્ટની હકૂમત એકબીજાથી પરસ્પર વિરોધાભાસી નથી. સામાવાળા તરફે રજૂ કરવામા આવેલ રેવન્યુ રેકર્ડ વંચાણે લેતા વાદગ્રસ્ત જમીન સરકારશ્રીની માલિકીની છે. આ જમીન રાજકોટ મ્યુ.કોર્પોરેશને વેસ્ટ કરવામા આવેલ હોય તેવા કોઇ પુરાવા રજૂ થયેલ નથી. આ ઉપરાંત અરજદારોએ પણ સ્પષ્ટ રીતે પોતાની અપીલમાં આ જગ્યા પૈકી કેટલી જગ્યામા રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની જગ્યામા અને કેટલી સરકારી જગ્યામા દબાણ કરેલ છે તે સ્પષ્ટતા કરેલ નથી. આ ઉપરાંત રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનને હાલની અપીલના કામે પક્ષકાર તરીકે જોડેલ નથી. જેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ અન્વયે કાર્યવાહી કરવામા બાધ

આવતો હોવાનુ પુરવાર થતુ નથી. એપેલન્ટસ દ્વારા સ્લમ કાયદા હેઠળ રીહેબીલીટેશનની માંગણી કરવામા આવેલ છે પરંતુ તે હકૂમતના મુદ્દે નકારવામા આવેલ છે. આ ઉપરાંત સ્લમ એરીયા માટે વૈકલ્પીક વ્યવસ્થા અંગેની કાર્યવાહી અલગ સત્તા દ્વારા હાથ ઘરવામા આવેલ હોય ત્યારે તે કારણોસર દબાણ દૂર કરતા સામાવાળાને અટકાવી શકાય નહીં. દબાણ દૂર કરવાની કાર્યવાહી અને રીહેબીલીટેશનની કાર્યવાહી બંને અલગ-અલગ પ્રકારની કાર્યવાહી છે અને કાયદાથી પ્રસ્થાપિત થયેલ સત્તાઓ દ્વારા કરવામા આવે છે, તે કારણોસર પણ હાલની કાર્યવાહી કરવામા કોઇ બાધ આવતો હોવાનુ જણાઇ આવતુ નથી. અરજદારોએ જયારે મોટા પ્રમાણમા સરકારી જમીનમા દબાણ કરેલ હોય ત્યારે તેઓનો પ્રથમ દર્શનીય કેસ નથી અને સગવડતાની સમતુલા તેઓની તરફણેમા નથી અને નાણામા ભરપાઇ ના થાય તેવુ નુકસાન થાય તેમ નથી. અરજદારોએ કાચા-પાકા બાંધકામ કરતા અગાઉ કોઇ સક્ષમ સત્તા પાસેથી પરવાનગી મેળવેલ હોય તેવી હકીકત પણ જણાઇ આવતી નથી. જો બીનપરવાનગીએ અનઅધિકૃત બાંધકામ કરેલ હોય તો લોકોની સુખાકારીને પણ નુકસાન થાય અને જાહેર વ્યવસ્થાને પણ અવરોધરૂપ બને છે. આવા સંજોગોમા પણ અરજદારોની આ અપીલ મંજૂર થવા પાત્ર નથી. નામ.ગુજરાત હાઇકોર્ટે એસ.સી.એ.નં.૧૩૧૫/૨૦૨૬, તા.૦૨/૦૨/૨૦૨૬ આમદભાઇ સુલેમાનભાઇ નાઇ અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામા પેરા-૫ માં જે ડાયરેકશન આપેલ છે તે મુજબ એપેલન્ટસ કાર્યવાહી કરી શકે તેમ છે. આમ, તમામ હકીકતો ધ્યાને લેતા માત્ર લાંબા સમયના કબજા-ભોગવટા આધારે અરજદારો વાદગ્રસ્ત જગ્યા ઉપર દબાણ જાળવી રાખવા અને કબજો-ભોગવટો જાળવી રાખવા હકકદાર બનતા હોવાનુ જણાઇ આવતુ નથી. ગામ નમૂના નં.૭/૧૨ વંચાણે લેતા બ્લોક/સર્વે નં.૨૫૬ પૈકી ૬ ફાઇનલ પ્લોટ પૈકી ૧૩૩/૧૩૬/૧૩૭/૧૫૯ શ્રીસરકાર ખરાબા ખાતે છે અને ગામ નમૂના નં.૮-અ મા પણ કબજેદારમાં સરકારશ્રીનુ નામ છે. આ ઉપરાંત ગામ નમૂના નં.૬ની નોંધ નં.૧૯૦૯ મુજબ પણ આ જમીન સરકારી જમીન છે. આવા સંજોગોમાં આ અપીલ મંજૂર થવા પાત્ર ના હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

:હુ ક મ:

અરજદારોની આ અપીલ અરજી નં.**RJT/26/2026** આથી **"રદ"** કરવામા આવે છે. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર(પૂર્વ) દ્વારા જમીન

મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ કરવામા આવેલ હુકમો કે જેની નકલો આ અપીલની સાથે સામેલ રાખેલ છે તે તમામ હાલના અરજદારો પૂરતા આથી કાયમ રાખવામા આવે છે.

- ખર્ચ અંગે કોઇ હુકમ નથી.
- આ હુકમની જાણ પક્ષકારોને કરવી.
- મે.અધ્યક્ષશ્રી, ગુજરાત મહેસૂલ પંચના તા.૩૧/૦૭/૨૦૨૫ના રોજ કરેલ પત્ર નં.જી.આર.ટી./વશી/૨૮ મુજબ હુકમના સર્વે નંબરની વિગતો ઓનલાઇન આઇ.આર.સી.એમ.એસ પોર્ટલ ઉપર અપલોડ કરી નોંધ કરવાની હોવાથી આ અંગેની માહિતી મેળવવા માટે અત્રેની કચેરીની સબંધિત શાખા દ્વારા સદરહું કેસના પક્ષકારને નોટીસ કરી માહિતી મેળવી લેવી.
- હુકમ આજ તા.૨૫મી માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

25/3/26

(કે.એન.શાહ)
સભ્ય
ગુજરાત મહેસૂલ પંચ
અમદાવાદ

25-3-26

(પી.એસ.કાલા)
સભ્ય
ગુજરાત મહેસૂલ પંચ
અમદાવાદ

Seen
Thakor
(S.A. Thakor)
CP
25/3/26

અસલ મુજબ સુધારેલ
રહસ્ય સચિવ
તા. 25/03/26